REIKI VIDYA NIKETAN

VOLUME 6 ISSUE 9 NOVEMBER 2014

CONTENT

તંત્રી લેખ....01	મેનેજ ધ મેનેજેબલ....05	રેકિનો સ્પર્શ....08
ભજ ગોવિંદમ્ (શ્લોક-10)....02	શિવ તમને સ્વસ્થ રાખે છે....06	હિંદુ ધર્મમાં શંખનું મહત્ત્વ....09
કેન્સરની દવા દર્દીને કેન્સરમુક્ત કેમ કરી શકતી નથી?....03	ઓરા સર્જરી....07	એક્યુપંક્ચરનું વિજ્ઞાન....10
		આશ્રમજ્ઞાન....11

તંત્રી લેખ

સૌ પહેલાં તો સમગ્ર વાચકોને દિવાળીની શુભકામના. આ વખતે એવું લાગે છે કે છેલ્લાં કેટલાંક વર્ષો કરતાં દિવાળીનું પર્વ જાણે ખૂબ ખુશીઓ લાવ્યું છે. માનવ ચેતનામાં નક્કી કંઈક ફેરફાર થઈ રહ્યો છે. મેં એવા કેટલાય સાધકોને જોયા છે જેમને માટે દર રોજ દિવાળી છે. દિવાળી એટલે પ્રેમ અને પ્રકાશનું પર્વ. જો માનવ જીવનમાં પ્રેમની જ ખામી હોય તો પ્રકાશનો કશો અર્થ રહેતો નથી. આ ઉત્સવમાં ખરેખર દીપોત્સવ કરતાં ઘણું વધારે છે. મને લાગે છે કે તેમાં ભૌતિક પ્રકાશ કરતાં ઘણું વધારે છે, જેમાં દીવાઓને જોવા કરતાં જીવનમાં પ્રકાશનો અનુભવ કરવાનો છે. જ્યારે જીવનમાં પ્રેમ અને પ્રકાશનું મિલન થાય છે, તેને જ પરમાનંદ કહે છે. રેકિમાં આ બન્ને સાથે મળી જાય છે અને વ્યક્તિ નિરંતર પરમાનંદમાં રહે છે.

દીપાવલીનું બીજું પણ મહત્ત્વ છે, જે સંબંધોને અનુલક્ષીને છે. જો દિવાળીના પર્વને ઝીણવટથી જોવામાં આવે તો ખ્યાલમાં આવે છે કે તેના ચારેય દિવસો સંબંધોને અનુલક્ષીને છે. પહેલો દિવસ તે નરકાસુરના વધનો નથી, પરંતુ તેના સકંજામાંથી લાચાર સ્ત્રીઓને છોડાવી તેમની મુક્તિનો ઉત્સવ છે. આમ, વધ એ બીજા ક્રમે આવે છે, જ્યારે મુક્તિનો ક્રમ પ્રથમ છે. આ 16,000 સ્ત્રીઓ એટલે આપણા શ્વાસોચ્છવાસ જે આપણે દિવસ દરમ્યાન લઈએ છીએ. તેને આપણામાં રહેલી નકારાત્મકતામાંથી મુક્તિ આપવાની છે. આ આપણો ‘સ્વ’ સાથેનો સંબંધ છે. બીજો દિવસ તે આપણી ધન-સંપત્તિ, જેનો આપણે સંચય કર્યો છે તેની સાથેનો છે. તે જ લક્ષ્મી, ધન-સમૃદ્ધિની દેવી જેનું પૂજન કરીને આપણે તેમના પ્રત્યે આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ, કારણ કે જીવન જીવવા માટે ધન-સંપત્તિ અતિ મહત્ત્વની છે. આ બન્ને ગૂઢ છે. ત્રીજો દિવસ તે પતિ-પત્નીના સંબંધો અંગે છે. પૂર્વના દેશોમાં પ્રથા છે કે આ દિવસે પત્ની, પતિની આરતી ઉતારી તેને મીઠાઈ ખવડાવે છે. જેમાં બે અવ્યક્ત અસ્તિત્વના સર્વોચ્ચ સંબંધો પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવામાં આવે છે. આ એવો સંબંધ છે જે અનેક લોકોના જીવનમાં મહત્ત્વનું પાત્ર ભજવે છે.

ચોથો દિવસ એટલે ભાઈબીજ જેમાં બહેન પોતાના ભાઈને નમસ્કાર કરે છે જે વધારે દિવ્ય અને સુંદર સંબંધ દર્શાવે છે. એવો સંબંધ જેમાં અપેક્ષા કે અનુકૂળતાને અવકાશ નથી. આ બધુ જોઈએ તો દીપાવલીના પર્વમાં સંબંધોના મહત્ત્વ સિવાય કશું જ નથી. સુંદર-દિવ્ય સંબંધો જીવનને સુંદર-દિવ્ય બનાવે છે.

આજની સમસ્યા એ છે કે માનવ-જીવનનો પાયાના સિદ્ધાંત-સંબંધોમાં દબાવ આવી ગયો છે. આજે આપણે સંબંધોમાં ખળભળાટ જોઈ રહ્યા છીએ. જેને લીધે સમગ્ર માનવ-અસ્તિત્વ જીવનનો ઉદ્દેશ તેમ જ મર્મ વિસરી ગયું છે અને તમને ખબર છે? આ સંબંધોનો પાયો સ્વપ્નો છે. જ્યારે બે વ્યક્તિ એક જ સ્વપ્નનો અનુભવ કરે અને એક બીજા સાથે આપ-લે કરે ત્યારે સંબંધો વિકસિત બને છે અને તે સુખદ અનુભવ આપે છે. આજે કદાચ આપણે સ્વપ્નો જોવાનું બંધ કર્યું છે. કદાચ આપણે સ્વપ્નો જોવાનું સામર્થ્ય જ ગુમાવી બેઠા છીએ જે ખૂબ જ ભયજનક છે. સ્વપ્નો જીવનમાં સોફ્ટવેર (Software) જેવા છે, અને વાસ્તવિકતા તે તેનો હાર્ડ પાર્ટ છે. કદાચ આધુનિક ઉપકરણોએ આપણી પાસેથી સ્વપ્નો જોવાની શક્તિ છીનવી લીધી છે. આપણે સ્વપ્નો જોવાને બદલે ફેસ-બુક અને ટ્વીટર પર સમય પસાર કરવા લાગ્યા છીએ. આમ, આવા ઈલેક્ટ્રોનિક ડીજીટલ સ્વપ્નો રચવામાં આપણી સહજ રીતે સ્વપ્નો જોવાની શક્યતા મરી પરવારી છે. જે સહજ સ્વપ્નોની રચના કરતાં જીવનના દરેક તબક્કા આનંદથી પસાર થઈ જતા હતા. તમે ક્યારેય જોયું છે કે સંબંધો ત્યાં સુધી જ ટકે છે જ્યારે તેનાં પાત્રો સરખા સ્વપ્નો જુએ છે. જ્યારે તેઓ અલગ સ્વપ્નો જોતાં થાય છે, કે સ્વપ્ન જોવાનું બંધ થાય છે ત્યારે સંબંધોનો અંત આવે છે. આ દીપાવલી તમને સ્વપ્નો જોવાનું સામર્થ્ય બક્ષે જેથી કરીને તમારું જીવન વધારે અર્થપૂર્ણ અને સુખમય બને. યાદ રાખજો કે આ સ્વપ્નો જ અર્થપૂર્ણ જીવનનું કારણ છે.

ફરીથી તમને સહુને આ પ્રકાશના પર્વની (અને સંબંધોની) શુભકામના.

અજીત સર.

ભજ ગોવિંદમ્ (શ્લોક-10)

वयसि गते कः कामविकारः शुष्के नीरे कः कासारः
श्रीणे विते कः परिवार ज्ञाते तत्वे कः संसारः



જ્યારે યુવાનીના દિવસો પૂરા થશે ત્યારે વિષય વાસનાનું શું થશે? જ્યારે પાણી જ સુકાઈ જશે તો તળાવ કે સરોવર કેમ રહેશે? જ્યારે સંપતિ જતી રહેશે તો આસપાસ રહેનારા લોકો ક્યાં જતા રહેશે? જ્યારે તમને આ સત્ય સમજાશે ત્યારે આ દુનિયા પણ નહીં રહે. આ શ્લોકમાં કવિ આદિ શંકરાચાર્ય કાર્ય-કારણ સંબંધોનું સત્ય સમજાવે છે. જો તમે તમારી આસપાસ જે કંઈ બનતું હશે તે જોશો અને તમારી અંદર ઝાંકશો તો તમને સમજાશે કે પ્રત્યેક બનાવની પાછળ કંઈક કારણ હોય છે. એક વિના બીજાની ઉપસ્થિતિ શક્ય નથી. તમામ કામેચ્છા કે વિષય-વાસના યુવા-શક્તિની અભિવ્યક્તિ છે. જો આ યુવાની જ અદૃશ્ય થઈ જાય તો વિષય-વાસનાની શક્યતાઓ નહીંવત્ થઈ જાય છે. આવું પ્રત્યેક વ્યક્તિના જીવનમાં બને છે. જેમ જેમ આપણી ઉંમર વધતી જાય છે તેમ તેમ યુવાનીમાં જે આકર્ષણો હતા તે ઘટતા જાય છે. સમય તેનું કામ કર્યે જાય છે. તમામ વાસના તેમજ કામેચ્છા વય વધતાં અદૃશ્ય થઈ જાય છે.

બહારની પ્રકૃતિમાં પણ તમને કાર્યકારણ સંબંધ જોવા મળશે. જ્યારે પાણી સુકાઈ જાય છે ત્યારે નદી નદી રહેતી નથી, તળાવ તળાવ રહેતું નથી. જ્યારે કોઈ પણ કારણસર નદીનું પાણી વહેતું બંધ થઈ જાય છે તો તે નદી, નદી રહેતી નથી. નદી એટલે જ વહેવું, નદી એટલે જ પ્રવાહ, દેવરૂખની આજુબાજુ એવી કેટલીય નદીઓ છે, જે અતિવૃષ્ટિને કારણે છલકાઈ જાય છે. પરન્તુ, એક બે મહિનામાં તો તેમનું અસ્તિત્વ જ રહેતું નથી, ત્યારે આપણે કોઈને કહેવું પડે કે અહીં એક નદી હતી. પાણીમાં રહેતા તમામ જીવો માટે પાણી કારણ સ્વરૂપ છે. જ્યારે પાણી સુકાઈ જાય છે ત્યારે આ જીવોનું પણ અસ્તિત્વ રહેતું નથી. રેકિમાં પણ આપણે જીવનની વ્યાખ્યા આ રીતે જ કરીએ છીએ. જીવન એટલે ઊર્જાનો પ્રવાહ! જે ક્ષણે આ પ્રવાહ વહેતો બંધ થાય છે તે જ ક્ષણે આપણું જીવન સમાપ્ત થાય છે, કારણ કે ઊર્જાનો પ્રવાહ એ જ આપણું જીવન છે. જ્યારે આપણી સંપત્તિ નષ્ટ થાય છે ત્યારે પણ આવું જ બને છે. અહીં સંપત્તિ એટલે માત્ર પૈસા જ નથી. તમારી પાસે જે કંઈ હોય તે સર્વ છે. તમારો હોદ્દો, મોભો, તમારી ડિગ્રી અને તમારી પાસે હોય તે ધન. જો તમે તમારી આજુબાજુ રહેલા લોકોને જોશો તો તમને જણાશે કે તેઓ તમારી પાસે જે કંઈ છે તેની સાથે જોડાયેલા છે, નહીં કે તમે જે કંઈ છો તેની સાથે. મેં છેલ્લાં કેટલાંક વર્ષોથી રેકિનો સંદેશ ફેલાવવા માટે ઘણાં વૃદ્ધાશ્રમોની મુલાકાત લીધી છે, ભારતમાં કે વિદેશમાં આવાં સ્થળોની મુલાકાત એ દુઃખદ અનુભવ રહ્યો છે. આવા લોકોના જીવનની વાતો સાંભળીને ખૂબ દુઃખ અને નિરાશાનો અનુભવ થાય છે. ત્યારે એવું થાય કે જીવન જીવવા જેવું નથી. ત્યાંનાં લોકોના જીવન કડવાશભર્યા અનુભવોથી ભરેલા હોય છે અને જ્યારે તમે તે આશ્રમમાંથી બહાર આવો ત્યારે તે કડવાશ તમને સ્પર્શી જાય છે. નવાઈ પમાડે એવી વાત તો એ છે કે આ જ લોકોને તેમના જીવનની ખૂબ કિંમત હતી, જ્યારે તેઓ યુવાન હતા ત્યારે ઉત્સાહ અને જોશથી ભરેલા હતા. તેઓ તેમના જીવનમાં કંઈક હતા. એન્જિનિયર્સ, આર્કિટેક્ટ, ડૉક્ટર, મેનેજર, ઉદ્યોગપતિ, કલાકાર વગેરે. તેઓ લોકોનું સારું કે ખરાબ કરી શક્યા હતા. તેઓની આસપાસના લોકોની લાગવગ હતી. પરન્તુ, જ્યારે તેઓ નિવૃત્ત થયા ત્યારે માત્ર તે કે તેણી જ રહ્યા અને તેમની આસપાસના લોકો ધીરે ધીરે દૂર જવા લાગ્યા. જેમ સૂર્યના તાપથી બરફ ઓગળવા લાગે તેમ તેમની આજુબાજુ રહેતા લોકોને તેમની પાસેથી કંઈક જોઈતું હતું, જ્યારે તે મેળવવાનું બંધ થયું કે લોકોનો રસ ઉડી ગયો. કોઈને તે વ્યક્તિમાં રસ ન હતો. હું પુના પાસે આવેલા બારામતીના વૃદ્ધાશ્રમમાં એક લગભગ ૮૩ વર્ષનાં મહિલાને મળ્યો. આ બહેનના પતિનું એક પુત્રના જન્મ બાદ મૃત્યુ થયું હતું. આ બહેને ખૂબ જ સંઘર્ષ કરીને પોતાના પુત્રને ઉછેર્યો કે જેથી તે જીવનમાં કંઈક બની શકે. તેના પુત્રના લગ્ન પણ થયા, બાળકો પણ થયાં. તે બહેન તેમના જીવન દરમ્યાન આ પુત્રની સંભાળ લેવા માટે ગામની બહાર કે સમાજમાં કશે પણ ગયા ન હતાં. મારી આશ્રમની મુલાકાતનાં બે વર્ષ પહેલાં જ તેમનો પુત્ર તેમને આશ્રમમાં મુકી ગયો હતો અને એક વર્ષ માટે તેના પૈસા ભરી ગયો હતો. આ બહેનને તો તેમને ક્યાં લાવવામાં આવ્યાં છે તેનો પણ ખ્યાલ ન હતો. જ્યારે તેમને સચ્ચાઈની ખબર પડી ત્યારે તેમને જીવનનો સખત આંચકો લાગ્યો. તેમણે તેમની આખી જિંદગી આ છોકરાને ઉછેરવામાં ગાળી હતી. જેથી તે સમાજમાં માનભર્યું સ્થાન મેળવી શકે અને એ જ પુત્રે તેમને આવું વળતર આપ્યું. પરન્તુ, તે બહેનના જીવનની સારી વાત એ હતી કે હજુપણ તેમને તેમના દીકરા પર પ્રેમ હતો, રોજ તે બહાર જોયા કરતા કે તેમનો દીકરો આવશે અને તેમને લઈ જશે. જીવનની આ કેવી કરુણતા?

માટે આ બધું તમે દુનિયાને શું આપી શકો છો તે જ છે. મેં એવા ઘણા લોકોને જોયા છે કે જેઓ તેમના જીવનમાં ખૂબ ઉચ્ચ હોદ્દા પર હોય જેવા કે, વહીવટી અધિકારી કે અમુક ઉદ્યોગના મેનેજર અને તેમણે પોતાનો ધંધો શરૂ કરવા નોકરી છોડી દીધી હોય. તેમાંના ઘણા સફળ થતા નથી. તેનું મુખ્ય કારણ એ હોય છે કે તેઓ માની લે છે કે તેઓ ઉચ્ચ હોદ્દા પર હોય ત્યારે જે લોકો તેમને માન આપતા હતા તે લોકો તેમને મદદ કરશે. પરંતુ, તેમને નિરાશા જ મળે છે, કારણ કે આવા સંબંધોમાં કશું વ્યક્તિગત હોતું જ નથી. તેમની આજુબાજુ જે લોકો હતા તે તેમના હોદ્દાને કારણે હતા. જ્યારે હોદ્દો ગયો તો સંબંધો પણ અદૃશ્ય થઈ ગયા. એ જ લોકો હવે જે નવી વ્યક્તિ તે જ હોદ્દા પર આવશે તેની સેવા કરશે.

જ્યારે લોકોને જીવનનો હેતુ સમજાશે અને આ માયાનો ખેલ છે એમ સમજાશે ત્યારે તેમની તમામ ઈચ્છાઓ, મહત્વાકાંક્ષા, અને જે કંઈ આ ભૌતિક દુનિયા સાથે જોડાયેલું છે તે બધું જતું રહેશે. દરેકે સમજવું જોઈએ કે ઈચ્છાઓ, મહત્ત્વાકાંક્ષા, લાલચ અને સંબંધોનું કારણ અજ્ઞાન છે. અને ઈચ્છા, મહત્ત્વાકાંક્ષા, લાલચ એ બધું તેનું પરિણામ છે.

આ બધા અજ્ઞાનના પડછાયા છે. જ્યારે તમે પ્રબુદ્ધ બનો છો ત્યારે આ બધું અદૃશ્ય થઈ જાય છે. આમ, આત્મસાક્ષાત્કાર એ જીવનનો મહત્ત્વનો સિદ્ધાન્ત છે જે તમને તમામ દુન્યવી બાબતોથી દૂર લઈ જાય છે અને પછી જે બાકી રહે તે વિશુદ્ધ આનંદ છે.



કેન્સરની દવા દર્દીને કેન્સરમુક્ત કેમ કરી શકતી નથી?

હમણાં કેન્સર જેવા ભયાનક રોગે સમગ્ર દુનિયામાં વિનાશ સર્જ્યો છે અને માનવ બુદ્ધિમત્તા માટે તે મોટામાં મોટો પડકારજનક પ્રશ્ન છે. હું એ લેખમાંથી થોડાં તારણો અહીં લખી રહ્યો છું. જેથી આ દુનિયામાં કેન્સર વિશે કેવી ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે તેનો આપ સહુને ખ્યાલ આવશે.

કલ્પના કરો કે એક 'પ્લેન' તૂટી ગયું છે અને તેમાં કેટલાક લોકો માર્યા ગયા છે. તમને ખાતરી જ હશે કે આવતીકાલે આ બનાવ મોટાભાગનાં ન્યૂઝપેપરોમાં હેડલાઈનમાં હશે. પરંતુ, વાસ્તવમાં આવાં આઠ-દશ પ્લેન ક્રેશ થતાં હોય છે, જેમાં બેઠેલા લોકો કેન્સરથી મરતા હોય છે.

અમેરિકામાં દર વર્ષે 20 લાખ લોકો કેન્સરગ્રસ્ત બને છે. ત્યાં ટેકનોલોજીનો અર્ધીથી વધારે સદીથી ખૂબ વિકાસ થયો હોવા છતાં દર ત્રણ વ્યક્તિએ એક વ્યક્તિને જીવનમાં ગમે ત્યારે કેન્સરનો રોગ થાય છે. સમગ્ર વિશ્વમાં કેન્સરનો મહારોગ આઘાત-જનક સ્થિતિએ પહોંચ્યો હોવા છતાં પશ્ચિમના દેશો તેનો સફળ ઉપચાર શોધી શકવામાં નિષ્ફળ ગયા છે.

કેન્સર અંગેના આંકડા નીચે આપ્યા છે :

- 1900 પછીના વર્ષમાં 20 વ્યક્તિએ એકને કેન્સર થતું.
- 1940 પછીનાં વર્ષોમાં 16 વ્યક્તિએ એકને કેન્સર થતું.
- 1970 પછીનાં વર્ષોમાં 10 વ્યક્તિએ એકને કેન્સર થતું.
- અને આજે દર 3 વ્યક્તિએ એકને કેન્સર છે!

એક અંદાજ પ્રમાણે 2031 સુધીમાં કેન્સરવાળા લોકોની સંખ્યા 16,60,290 થઈ જશે. એકંદરે મૃત્યુનો દર નીચો આવતો હોય તો કેન્સરગ્રસ્ત લોકોનો આંક કેમ નીચો આવતો નથી? તેનો જવાબ સરળ છે. કેન્સર માટેની 40 વર્ષની લડત એક હાસ્યાસ્પદ બનાવ છે. કેન્સરનો મહારોગ મોટી મોટી દવાઓની કંપનીઓનું એક સ્વપ્ન છે. તેમના પ્રયત્નો કેન્સર માટે ચૂપકી સેવવાના છે, નહીં કે તેને મટાડવાના. આ વાત કેન્સર માટે બનેલી એક ડોક્યુમેન્ટરી દસ્તાવેજી ફિલ્મ 'ફોરબિડન ક્યોર્સ' માં સરસ રીતે કહેવામાં આવી છે.

હું કેલિફોર્નિયામાં મેડિકલ હેલ્થ કેર યુનિટમાં ગયેલો ત્યારે ત્યાં મેં એક વાક્ય વાંચેલું જેમાં લખેલું હતું કે કેન્સરની સારવાર માટે એક માત્ર આશાનું કિરણ હોય તો તે રેકિ (ટ્રીટમેન્ટ) સારવાર છે. એ વિષય પર હું અમેરિકન કેન્સર સ્પેશિયાલિસ્ટ સાથે મારી અમેરિકાની મુલાકાત દરમ્યાન વાત કરી રહ્યો હતો, ડૉક્ટરે જવાબ આપ્યો. વાસ્તવમાં પૃથ્વી પરથી કેન્સરને નાબુદ કરવાની કોને ફિકર છે? તેમના આ વાક્યે મને હચમચાવી મૂક્યો.

મેં તેમને આ વાત વધુ ઊંડાણથી સમજાવવા કહ્યું અને એમણે જે કહ્યું તે તો તેનાથી પણ વધુ આઘાત-જનક હતું. તેમણે કહ્યું જો કેન્સરને નિયંત્રિત કરવામાં આવે તો અબજો રૂપિયાનો (ટ્રિલિયન ડૉલર) કેન્સરની ટ્રીટમેન્ટ માટે સ્થપાયેલો ઉદ્યોગ પડી ભાંગે.

લાખો લોકો શેરીમાં નોકરી ગોતતાં ફરે, એ ખરેખર આઘાતજનક હતું. હું સ્તબ્ધ થઈ ગયો. પશુઓ જેમ જીવવા માટે અન્ય પ્રાણીઓને મારે, તેમ માણસ પોતાના નિર્વાહ માટે માણસને મારે તે મારી નજર સમક્ષ તરવરવા લાગ્યું. પશુઓ સીધી રીતે જ મારે છે જ્યારે માનવો આડકતરી રીતે. અને તેને આપણે વિજ્ઞાન, ટેકનોલોજી કે વિકાસને નામે ઓળખીએ છીએ. જ્યારે પ્રાણીઓ તેને કશું નામ આપતા નથી. બન્ને વચ્ચેનો આ તફાવત છે.

મેં જે લેખ વાંચેલો તેમાં આગળ ઉમેર્યું છે કે, કેન્સર એ મોટો ધંધો છે. આ કેન્સર ઉદ્યોગ લાખો-કરોડો ડોલરમાંથી કશુંય તેને રોકવા માટે વાપરતો નથી. જેમ કે, ખાન-પાનની રીતનું માર્ગદર્શન, કસરત અને મેદસ્વીપણું દૂર કરવાનું શિક્ષણ. તેના બદલે તેઓ તે ધન કેન્સરની ટ્રીટમેન્ટમાં વાપરે છે. તેમને તેને રોકવામાં કે નાબુદ કરવામાં કશો રસ નથી. આમ કરે તો તેમને ડૉલરની આવક ક્યાંથી થાય? તેઓ આ કેન્સરના મશીનને તેલ લગાવીને ફરતું રાખે તો જ તેઓ કીમો થેરેપીની દવાઓમાં, રેડિયોથેરેપીમાં, તેમ જ અન્ય પદ્ધતિ અને સર્જરીમાં તગડો નફો કરી શકે.

આ વાત પરથી મારી શિકાગોની યાત્રા દરમ્યાન બનેલો પ્રસંગ મને યાદ આવે છે ત્યાંનાં એક ડૉક્ટર મને રેકિ ટ્રીટમેન્ટ આપવા માટે હોસ્પિટલોમાં લઈ ગયેલા. ડૉક્ટરને ખાતરી હતી કે, ભારતમાંથી આવેલા આ ભાઈ અહીંની મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરવાળી, અને વૈભવી હોસ્પિટલો જોઈ પ્રભાવિત થઈ જશે. હું પ્રભાવિત તો થયો જ હતો. પરન્તુ, મેં ડૉક્ટરને કહ્યું, ડૉક્ટર, આ હોસ્પિટલોથી જરૂર હું પ્રભાવિત થયો છું. મને ખાતરી છે કે આ બધી સગવડો પાછળ ટ્રિલિયન ડૉલર ખર્ચાતા હશે. પરન્તુ, આ બધી સગવડો તો જેઓ બીમાર છે તેમના માટે છે અને તેમને સાજા કરવા માટે છે. પરન્તુ, લોકો માંદા જ ન પડે એ સમજાવતી અને એવી સગવડોવાળી જગ્યા ક્યાં છે? ડૉક્ટર પાસે આનો જવાબ ન હતો. હવે તેઓ નતમસ્તક બની ગયા. તેઓ ધીમે રહીને બોલ્યા, આવી સગવડોવાળી કોઈ જગ્યા હોય તેમ હું માનતો નથી. અત્યારના મેડિકલ સાયન્સમાં આવી વાત છે.

કેટલીક વખત મને નવાઈ લાગે છે કે, હોસ્પિટલોના ઓડિટનો આદેશ કેમ આપવામાં આવતો નથી? (આવા કશા ઓડિટ થતા હોય તો મને તેનો ખ્યાલ નથી.) શા માટે એવું શોધવામાં આવતું નથી કે કેટલા લોકો હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ માટે આવ્યા અને કેટલા લોકો સંપૂર્ણ રીતે સાજા-સારા થઈને ગયા અને 15 વર્ષ સુધી કેટલા લોકો તંદુરસ્ત રહ્યા? કેટલા લોકો હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા અને કેટલા લોકો ઘેર જઈને મર્યા? (કેટલાક ડૉક્ટરો પોતાનું નામ ખરાબ ન થાય તે માટે પેશન્ટને ઘેર મોકલી દેતા હોય છે.) કેટલા પૈસા ખર્ચ થયા અને કેટલા જીવ બચ્યા? જે બચ્યા તેમણે કેટલી કિંમત ચૂકવી? તમને એવું નથી લાગતું કે, લોકોને આ બધું જાણવાનો અધિકાર છે? નીચે અમુક આર્ટીકલમાંથી લીધીલી નાની મોટી ખબરો આપેલી છે:

એક કેન્સર પેશન્ટ તેના રોગ સાથે લડવામાં 50,000 ડૉલર ખર્ચે છે. જેમાં કીમોથેરેપીની દવા સહુથી મોંઘી હોય છે, એક મહિનાની થેરેપી માટે તેની કિંમત 3000 ડૉલરથી 7000 ડૉલર લેવામાં આવે છે.

જો કેન્સર ઈન્ડસ્ટ્રી કેન્સર પેશન્ટને સાજા કરે તો તેમના પેશન્ટ ઓછા થતાં જાય. માટે તેઓ કેન્સર પેશન્ટને માંદા, પણ જીવતા રાખી, તેમનો હોસ્પિટલ તરફનો પ્રવાહ ચાલુ રાખે છે. આવા સામાજિક રાક્ષસો ક્યાંથી ઉત્પન્ન થયા? આંતરરાષ્ટ્રીય બેન્કરો જે આ ડ્રગના માલિક છે તેમણે અને કેમિકલ કંપનીઓએ 100 વર્ષ પહેલાં મેડિકલ એજ્યુકેશન સીસ્ટમ પર કાબુ કરી લીધો છે.

તે લોકો અમેરિકન મેડિકલ એસોસિએસન અને અન્ય મેડિકલ સ્કૂલ્સને ગ્રાન્ટ આપે છે તેના બદલામાં તેઓ બોર્ડમાં સીટ માંગે છે અને પોલિશીનો કંટ્રોલ કરવાનું સામર્થ્ય મેળવે છે. ફેડરલ રેગ્યુલેટરી એજન્સી જે મેડિકલ પ્રેક્ટીસ સાથે સંબંધ ધરાવે છે તેમનું નિયંત્રણ કરવામાં તેઓએ હોંશિયારી દાખવી છે.

લાખો કરોડો ડોલર કેન્સરના સંશોધનમાં વપરાતા હોવા છતાં ત્રણમાંથી બે કેન્સર-પેશન્ટ પાંચ વર્ષમાં જ મૃત્યુ પામે છે. કેન્સરની સર્જરી, રેડિયોથેરેપી, કીમોથેરેપીની ત્રીગુણી સારવાર લેવા છતાં મૃત્યુ પામે છે. ત્રણમાંથી બે-વ્યક્તિ કેન્સરવાળી હોય તે નવાઈ પામવા જેવું નથી. એક અભ્યાસ બતાવે છે કે 20 વ્યક્તિમાંથી એક જ વ્યક્તિને કીમોથેરેપીથી ફાયદો થાય છે.

છેલ્લા 100 વર્ષમાં કેન્સર માટેની કુદરતી સારવાર વિકસાવવામાં આવી છે અને તેનો અમેરિકામાં અને અન્ય દેશોમાં સફળતાપૂર્વક ઉપયોગ પણ થયો છે.

Ashram Events

Navratri Festival at Devrukh ashram

Navaratri Festival was celebrated at Devrukh ashram between 24th September and 3rd October 2014. On this occasion the Shakti Peeth at ashram premises was initiated on the 5th day- Lalita Panchami day on 28th September. Swami’s picture in the form of Adi Mayaswaroopa was installed at the place by ladies sadhaks in procession and palanquin rituals. Swami’s idol in the math was decorated with nine forms of Goddess Parvati such as Shailaputri, Kushmanda, Katyayani, Skandamata,Siddhidhatri, Bramhacharini, Chandraghanta and which became a bigger attraction at those visiting Math during those nine days.

Our sadhaks meeting with the Prime Minister:

During a recent visit of Indian Prime Minister Mr Narendra Modi to USA, one of our sadhaks in Chicago, Mr Rohitbhai Joshi had an opportunity to meet him. Rohitbhai was among those Brahmins performing rituals to bless the Prime Minister at New York.

મેનેજ ધ મેનેજેબલ.

- તેલંગન, મુંબઈ, ભારત.

તમે ત્રાસદાયક છો. તમે મને ઉતારી પાડો છો. હું તમને ન મળ્યો હોત તો સારું થાત. લોકો પોતાની હતાશા માટે બીજાને શા માટે દોષ દેતા હશે? બીજા લોકો એવા હોય છે કે જે સતત દાવો કરતા હોય છે. હું કમનસીબ છું. બધા લોકો મને ધિક્કારે છે, હું કદરૂપો છું, કાળો છું. જાડો છું, હું ક્યારેય જીતીશ નહીં, આવા લોકો દયા શોધતા હોય છે. ગુરુજી કહે છે આ બન્ને પ્રતિક્રિયા આપણી સકારાત્મક ઊર્જાને ઓછી કરે છે.

જ્યારે આપણે વર્તમાનમાં હોતા નથી ત્યારે પ્રત્યેક આવી લાગણી અનુભવે છે. આપણું મન ભૂતકાળમાં અથવા ભવિષ્યમાં જ વિચરતું હોય છે. આપણે એ સમજી શકતાં નથી કે આપણે ભૂતકાળને બદલી શકતા નથી અને ભવિષ્ય આપણા કાબુમાં નથી, માત્ર વર્તમાન જ આપણા હાથમાં છે અને આપણે તેને અવગણીએ છીએ. આપણે જ આપણી ભાવનાઓ ઉત્પન્ન કરીએ છીએ અને માત્ર આપણે જ તે માટે જવાબદાર છીએ, આપણે જ આવો દુ:ખી કે સુખી રહેવાનો વિકલ્પ પસંદ કર્યો છે. દરેક વખતે આપણે બીજાને દોષ દેતા હોઈએ છીએ. આપણે આપણી જાતને જ ચકાસવી જોઈએ, કે કેટલા લોકોને આપણે બિનશરતી અને સ્વીકારના ભાવથી પ્રેમ કરીએ છીએ. આપણે લોકોને બદલવા માગીએ છીએ અને કહીએ છીએ, તમે ખોટા છો, હું કહું તેમ કરો, એ જ સાચું છે. અને જ્યારે એ રીતે કામ થતું નથી ત્યારે આપણે હતાશ બની જઈએ છીએ અને તેને માટે આપણે બીજાને જવાબદાર ઠેરવીએ છીએ. આપણે આપણી લાગણીઓને બીજાના મતને આધારે ઉત્પન્ન કરીએ છીએ અને પછી આપણને દુ:ખ થાય છે. આવી લાગણીઓ આપણા અર્ધજાગૃત મનમાં રેકોર્ડ થાય છે અને કોઈને કોઈ રીતે તે છાપ મનમાં ઉપર આવે છે.

વૈજ્ઞાનિક રીતે આપણા મનમાં પ્રતિ મિનિટ 20-30 વિચારો ઉત્પન્ન થાય છે, પરન્તુ જ્યારે આપણે હતાશ કે દુ:ખી હોઈએ ત્યારે તે પ્રમાણ પ્રતિ મિનિટ 45નું થઈ જાય છે. તો વિચારો કે એક દિવસમાં કેટલા વિચારો ઉત્પન્ન થતાં હશે? લાખ કે તેનાથી પણ વધારે?

સુખી થવાની ચાવી સાવ સરળ છે. માત્ર મેનેજ ધ મેનેજેબલ જે આપણા નિયંત્રણમાં હોય તેનું જ નિયંત્રણ કરો. આપણા નિયંત્રણમાં આપણી જાત સિવાય કોણ હોય? માટે સહુથી પહેલાં આપણે બદલાવું જરૂરી છે. આપણે આપણા મનને કાબુમાં રાખવું જરૂરી છે. આપણે વાસ્તવિકતાનો બહાદૂરીથી સામનો કરી, એવું વિચારવાનું છે કે મારી સમસ્યામાં મારા સિવાય મને કોઈ મદદ કરી શકશે નહીં. નકારાત્મક વિચારો પ્રત્યે જાગૃત રહી, જેવા તે ઉત્પન્ન થાય કે તરત જ તેને દૂર કરવા જેમ કોમ્પ્યુટરમાં Viras Scan કામ કરે છે તેમ જ. આપણી અપૂર્ણ ઈચ્છાઓ દુ:ખ આપે છે. આપણી જરૂરિયાતો ઓછી કરીએ, ધ્યાન કરીએ, ધ્યાન કરવાથી ભાવનાત્મક ગ્રંથીઓ દૂર થાય છે અને સત્ય સમજાય છે. દા.ત. મને કોઈ પ્રેમ કરતું નથી તે એક ગ્રંથી છે. તેને બદલે એવું વિચારે કે હું ઈશ્વર સાથે જોડાયેલો છું. અને મને બધાનો સ્વીકાર છે. આપણા માટેનો બીજાનો અભિપ્રાય આપણું સંતુલન ન બગાડે તે જોવું જરૂરી છે. આપણે આપણી જાતને જ હીલ કરવાની છે, દુ:ખી થવા કે લાગણી દુભાવાના ડરથી મુક્ત બનીશું ત્યાર પછી જ આપણે બીજા પર વિશ્વાસ મૂકી શકીશું. તેઓ અલગ રીતે વર્તશે તો પણ આપણે તેનો સ્વીકાર કરીશું. જ્યારે આપણે આપણી તમામ જવાબદારી સ્વીકારીશું ત્યારે આપણે આપણી જાત પર કે બીજા પર દોષારોપણ કરવાની આવશ્યકતા નહીં રહે.

શિવ તમને સ્વસ્થ રાખે છે.

મન માત્ર પાછું ફરી શકે છે
તે લક્ષ્ય સુધી પહોંચી શકતું નથી.

- વિવેક પાંડે, વડોદરા, ભારત

આધ્યાત્મિક યાત્રા એ મૂળ લક્ષ્ય તરફ પાછા ફરવાની યાત્રા છે. જે ક્ષણે તમે અમુક પ્રકારની સાધના કરો છો ત્યારથી જ તમારી આત્મા તરફની યાત્રાની શરૂઆત થઈ જાય છે. જન્મોજન્મથી જે આપણામાં સંગ્રહાયેલું પડ્યું છે તેને ખાલી કરી નાખવું પડે છે. આ એવી પ્રક્રિયા છે જેમાં તમારી દુનિયા તરફની સક્રિયતા ઓછી થતી જાય છે અને તમે નિષ્ક્રિય બનતા જાવ છો. આ એવી પ્રક્રિયા છે જેમાં તમે બહારની સમજ ગુમાવતા જાઓ છો અને અંતરની જાગૃતિ વધતી જાય છે અને ધીમે ધીમે તમે અંદર તેમ જ બહાર બન્ને દુનિયા બાબત જાગૃત બનતા જાઓ છો. આપણને ઈશ્વરે અમૂલ્ય આંખોની ભેટ આપી છે. ધીમે ધીમે તમે તમારા સમગ્ર અસ્તિત્વ જેમ કે ચક્રો, મન, સંવેદના, બુદ્ધિ, અહમ્ વિશે જાગૃત થતાં જાઓ છો. ધીરે ધીરે તમને તમારી અમુક વૃત્તિઓ કે ખામીઓ જે તમારા અસ્તિત્વ સાથે જોડાયેલી છે અને તે તમારા વ્યક્તિત્વનો અંશ છે તે બાબત પણ જાગૃત થતા જાઓ છો. આ વૃત્તિઓને હિસાબે આપણી પ્રવૃત્તિઓ બને છે અને આપણી સતત વહેતી જીવનધારામાં વિક્ષેપ કરાવે છે. અને અનેક વખત આ રીતે મન વિકટ પરિસ્થિતિ અનુભવે છે. જો આપણે આપણી આવી ત્રુટિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો આપણને ચિંતા, નિરાશા અને વ્યગ્રતા સિવાય કશું જ પ્રાપ્ત થતું નથી.

આવી ત્રુટિઓમાંથી બહાર આવવા માટે તેમ જ શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે આપણે અનેક રસ્તાઓ અજમાવીએ છીએ જેથી કરીને આપણે તે ખામીઓને દૂર કરી શકીએ. નવા વર્ષે તેમાંથી બહાર આવવાનો નિશ્ચય કરીએ છીએ. જેનાથી ફરીથી આપણી જીવન શૈલીમાં વિવિધ વૃત્તિ-પ્રવૃત્તિઓ ઉત્પન્ન થાય છે. કંઈ પણ દૂર કરવાની ઈચ્છા પણ સાધનામાં બાધક છે.

તો પછી કયો માર્ગ લેવો? તેનો જવાબ એ છે કે તેમાંથી પાર ઉતરવું. જે રીતે મનુષ્યનું મન કાર્ય કરે છે. તેમાંથી આપણે દૂર જઈને એક ઝાટકે બહાર આવીને આપણી જાતને સુધારી ન શકીએ. મન કશે પહોંચી શકતું નથી. તે માત્ર આપણને આત્મા તરફ પાછા ફરવામાં મદદરૂપ થાય છે. આપણે તે પ્રક્રિયામાંથી પસાર થવું પડશે અને તે સુધારો આપમેળે થવા દેવો પડશે, તે માટે સુધરવાની પ્રક્રિયાની પાછળ પડી જવાની જરૂરત નથી. જે ક્ષણે આપણે આપણી જાતને સુધારવાનો વિચાર કરીશું, ત્યારે આપણે આપણી જાતને સ્થૂળ પદાર્થ તરીકે જોવા લાગીશું, જેને કશા સુધારાની આવશ્યકતા નથી. સમસ્યા કે દર્દ, આપણા શરીર સાથે જે મન જોડાયેલું છે તેને વધારેને વધારે સાધના કરીને તેને બદલવાની આવશ્યકતા છે. વધારે ને વધારે સભાન થવાથી તમે તમારી જાતને હીલ કરી શકો. આપણે સતત આપણા શરીરનું જ જતન કરતાં હોઈએ છીએ. ભૌતિક અસ્તિત્વ મહત્ત્વનું છે, પરન્તુ આપણા ચેતનાના સ્તરમાં ફેરફાર લાવવાથી આપણી ક્રિયાઓ સાફ સુથરી બને છે. આપણે રાહ જોવાની રમત રમવાની છે અને શ્રદ્ધાપૂર્વક સતત સાધના કરીને વધારેને વધારે જાગૃત બની વિશુદ્ધિ પ્રાપ્ત કરવાની છે. આપણે શીખતા અને સમજતા જવાનું છે જેથી મન એક દિવસ શાંત થઈ જશે અને તેનું અસ્તિત્વ જ નહીં રહે અને જે બાલિશતા કે મૂર્ખતા આપણને પરેશાન કરતી હતી તેમાંથી આપણે આસાનીથી બહાર આવી શકીશું.

આપણે જ્યારે કોઈ પરિસ્થિતિમાં હોઈએ ત્યારે હંમેશાં બે વિરુદ્ધ વિચારો આપણા મનમાં આવતા હોય છે. ત્યારે આપણે આ વિચારોનું ઉદગમ સ્થાન શોધીને વિચારવાનું છે કે આપણે કશું બનવા જઈ રહ્યા છીએ કે ધીરે ધીરે શાંત બનીને જીવનમાં આવતી દરેક પરિસ્થિતિનો શાંતપણે સ્વીકાર કરતાં થયા છીએ. પ્રત્યેક વખતે મનની સ્થિતિનો વિચાર કરો, થોભો અને તેમાં રહેલી ધૂળને નીચે બેસવા દો. કોઈ પણ પ્રતિક્રિયા કરતાં પહેલાં મનની સ્થિતિ સુધારો અને સુંદર પરિણામોને સ્વીકારો.

અંતમાં એટલું જ કે હીલિંગ હંમેશાં ધીમી, સતત ચાલતી પ્રક્રિયા છે જેમાં ઘણાં વર્ષો પણ લાગે છે, અને આપણે આપણા મનની ગુંચવાયેલી સ્થિતિમાં નિર્ણયો લઈને કાર્યો કરવા નહીં, પરન્તુ સાધનામાં વધારે પ્રયત્ન કરવા જેથી સુધારા આપોઆપ આવે. જો તમારે કશો નિશ્ચય કરવો જ હોય તો સાધના વધારવાનો નિર્ણય કરજો અને જીવનમાં બદલાવ કે પરિવર્તન એની મેળે આવશે. જે કંઈ આ પૃથ્વી પર છે અને જે કંઈ તમારી સાથે જોડાયેલું છે તે સર્વનો સ્વીકાર કરો.

શ્રદ્ધા રાખો અને અલગતાની ભાવનાને છોડી દો. તે આપણને હંમેશાં દુઃખ આપશે. તમારી ચેતના પર ધ્યાન કેન્દ્રિત કરો અને દરેક પ્રકારની વૃત્તિથી મુક્ત બનો. એક દિવસ બધું જ નવીન લાગશે. જીવન વહેતું અને ધબકતું લાગશે. જીવનમાં ખૂબ આધ્યાત્મિક બનો.

જય ગુરુદેવ.

ઓરા સર્જરી

એક ઐતિહાસિક પુરાવો.

ઓરા લેવલની સર્જરી હંમેશાં રહસ્યનાં વાદળોમાં ઘેરાયેલી રહે છે અને સામાન્ય રીતે આવી વાતો હેલ્થ સર્વિસની સભામાં ચર્ચાતી નથી. આ ઓરા સર્જરી દંતકથા છે કે તેના વૈજ્ઞાનિક પુરાવા છે એ બાબતે અનેક વાદ-વિવાદ તેમ જ શંકાઓ કરવામાં આવે છે. અલબત્ત, આવી જાતની સર્જરી શરીરના કોઈ પણ અવયવ પર કરવામાં આવે ત્યારે X-rays અને MRI દ્વારા શરીર પર તેની અસરો જોઈ શકાય છે. એક વખત આવી અસર જોયા પછી તેને ન માનવાનું કારણ રહેતું નથી. જેમનો વૈજ્ઞાનિક અભિગમ છે તેઓ પણ આવા સાધનોની મદદથી લેવાયેલા પુરાવાને નકારી શકતા નથી. આવી સર્જરીના દસ્તાવેજી પુરાવા પણ છે પણ વિજ્ઞાનને વરેલા લોકો આવી વાતને પ્રકાશમાં આવવા દેતા નથી. ઈંગ્લેન્ડમાં બનેલી આવી સર્જરીની સત્ય ઘટના જાણવાનું આપ સહુ માટે રસપ્રદ બની રહેશે.

આ બનાવ 1945માં બનેલો છે. શ્રી જ્યોર્જ ચેપમેન નામના એક સદગૃહસ્થ ઈંગ્લેન્ડના લીવરપુલ ગામમાં ફાયર બ્રિગેડ સર્વિસમાં કામ કરતા હતા. તેના એક નાના બાળકનું કોઈ રોગથી મૃત્યુ થતાં તેઓ હતાશ બની ગયા. તેમને દુનિયામાં કોઈ રસ ન રહ્યો અને તેમણે મૃત્યુ પછીના જીવનની ઘટના બાબત અભ્યાસ કરવા માંડ્યો. અને આ વિષયમાં તેમણે ઊંડું સંશોધન કરવાની શરૂઆત કરી. તેઓ ધ્યાન પણ શીખ્યા અને ખૂબ ગંભીરતાથી તેની પ્રેક્ટિસ કરવા લાગ્યા. તેઓ મૃતાત્માઓ સાથે વાતો કરવા લાગ્યા અને અમુક બાબતમાં તેમની મદદ પણ લેવા લાગ્યા. આ મૃતાત્માઓમાંનો એક તે ડૉ. વિલિયમ લેન્ગ. તેઓ જીવતા હતા ત્યારે ઈંગ્લેન્ડમાં અગ્રગણ્ય આંખના સર્જન હતા. તેમનું 1837માં મૃત્યુ થયું. આ મૃતાત્માની પ્રેરણાથી ચેપમેને લીવરપુલમાં એક હોસ્પિટલ ખરીદી અને ઓરા સર્જરીની ટેકનીકથી ઓપરેશન કરવા લાગ્યા, જેમાં તેમને મૃતાત્માઓ તરફથી માર્ગદર્શન મળતું હતું. ચેપમેન આવી સર્જરીને ઈથેરીક (Etheric) સર્જરી કહેતા. ત્યાર બાદ એવું નોંધાયું છે કે તેમણે મોતિયાના સરળ ઓપરેશનથી લઈને હૃદયની સર્જરી પણ સફળતાપૂર્વક કરી હતી. ચેપમેનનો દાવો હતો કે તે અને ડૉ. લેન્ગના આત્માને આવી ઓરા સર્જરીનું તેમ જ તેમની માનવ શરીર પર થતી અસરનું જ્ઞાન હતું. તેઓ કહેતા કે કોઈ પણ રોગ શરીરમાં આવતા પહેલાં ઓરા લેવલ પર આવે છે અને પછી શરીર ઉપર વ્યક્ત સ્વરૂપે દેખા દે છે.

એ સમયમાં આ બાબતે ખૂબ ચર્ચાઓ થતી. કેટલાય લોકોએ આવી ઘટનાનો અભ્યાસ કર્યો. મિસ્ટર બટનાર્ડ હટને હીલિંગ હેન્ડ્સ નામનું એક પુસ્તક લખ્યું જે 1966માં પ્રકાશિત થયેલું, તેમણે આ વિષે ખૂબ ઊંડો અભ્યાસ કર્યો. તેમને પોતાને આંખનો કોઈ રોગ થયેલો અને તેમણે તેમની દૃષ્ટિ લગભગ ગુમાવી દીધી હતી. તેમને ચેપમેન અને તેમની સર્જરી પર વિશ્વાસ ન હોવા છતાં તેમના પત્નીના ભારપૂર્વક કહેવાથી તેઓ ચેપમેન પાસે ગયા પછી તેમણે જે અનુભવ કર્યો તે આ દુનિયાથી પર અને અવર્ણનીય હતો. ચેપમેને તેમને કોઈ પણ જાતનાં સાધનો વાપર્યા વગર ખાલી હાથે જ સારવાર આપી, અને તેમનો આંખનો રોગ ગયો. તેઓ તદ્દન સાજા થઈ ગયા. ત્યારે તેઓ ચેપમેનના અન્ય દર્દીઓને પણ મળ્યા અને તેમના ઈન્ટરવ્યુ લીધા. અને એમને આશ્ચર્ય એ વાતનું થયું કે જેમણે તેમની સારવાર લીધેલી તે સહુ સ્વસ્થ બની ગયા હતા.

હટને આ વિશે ઊંડું સંશોધન કર્યું, અને તેને જાણવા મળ્યું કે ઓપરેશન વખતે ચેપમેનનો ચહેરો બદલાઈ જતો હતો. તેઓ ચાલીસી વટાવ્યા હોવા છતાં તેઓ ડૉ. લેન્ગ જેઓ મૃત્યુ વખતે ઘણા વૃદ્ધ હતા, તેમના જેવા દેખાવા લાગતા. આવી સર્જરી દરમ્યાન ચેપમેનની આંખો તો બંધ જ રહેતી. જ્યારે છેલ્લો પેશન્ટ હોસ્પિટલમાંથી જતો ત્યારે તેઓ તેમના મૂળ સ્વરૂપમાં આવતા. આવી ધ્યાનસ્થ અવસ્થામાં જ ચેપમેન પેશન્ટ સાથે વાત કરતાં, તેમની બીમારીને સમજતા અને જરૂરત લાગે તો ઓપરેશન કરતા. આ ઓપરેશન દરમ્યાન ક્યારેય તેમણે કશાય સાધનોનો ઉપયોગ કર્યો ન હતો. તેઓ પેન્શન્ટના સગા-સંબંધીઓને પણ સર્જરી દરમ્યાન હાજર રહેવા દેતા. આ બધા સગા-સંબંધીઓએ તેમને ક્યારેય કોઈ સાધન વાપરતા જોયા ન હતા. જ્યારે તેઓ ઓપરેશન કરતાં ત્યારે પેશન્ટને ચીંટીયો ભર્યો હોય કે કાપો થયો હોય તેવો અનુભવ થતો. પરન્તુ, તેમના શરીર ઉપર ક્યારેય ઘાવ જોવા મળતો નહીં. જેમ શારીરિક સર્જરીમાં જે દર્દ થાય તેવું જ દર્દ દર્દીઓને બીજે દિવસે થતું. આમ, ચેપમેને તેનો હીલિંગ પાવર વાપરીને અનેક દર્દીઓને સાજા કર્યા હતા.

રેકિનો સ્પર્શ

- શ્રીમતી અરસી ખાન થાણા, ભારત

16 સપ્ટેમ્બર 1987 એ મારી જન્મ તારીખ છે, પરંતુ મારો આધ્યાત્મિક જન્મ 17 સપ્ટેમ્બર 2011માં થયો, જ્યારે હું રેકિ શીખી. એ ચમત્કારિક દિવસ હતો. જ્યારે ગુરુજી મારા જીવનમાં આવ્યા અને મને હંમેશ માટે પરમસુખની અનુભૂતિ કરાવી.

બાળપણથી જ મને ગૂઢ વિજ્ઞાન અને આધ્યાત્મિક હીલિંગમાં રસ હતો અને તે વિશેની બુક્સ તેમ જ લેખો હું વાંચતી, પરન્તુ ક્યારેય તે શીખવાની તક મને મળી ન હતી. રેકિ જીવનમાં આવ્યા પછી જીવન ચમત્કારોથી ભરાઈ ગયું છે જે પહેલાં ન હતું, મને ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ થઈ છે. મેં મારી જાતને અંદરથી જોઈ. રેકિએ મને ઈશ્વર સાથે જોડાણ કરાવ્યું, ચેતના, યુનિવર્સલ લાઈફ ફોર્સ એનર્જી જે મારામાં સતત વહેતી રહે છે અને મારું હૃદય પ્રેમસભર અને સ્વીકારના ભાવવાળું બની ગયું છે. રેકિ શીખ્યા પછીનાં ત્રણ વર્ષની જીવનની યાત્રા ખૂબ જ સુંદર રહી છે.

હું રેકિના સ્પર્શનો મારો અનુભવ અહીં પ્રસ્તુત કરું છું.

પંદર દિવસ પહેલાં હું મારા ફેમિલી ડૉક્ટર પાસે ગયેલી, છેલ્લા થોડા દિવસથી મારા માથાના જમણા ભાગમાં (કપાળના જમણા ભાગમાં) દુઃખાવાની ફરિયાદ હોવાથી મારા પરિવારે મને ડૉક્ટર પાસે જવા કહ્યું.

મને તપાસ્યા પછી તેમણે મને એન્ટીબાયોટીક્સની ગોળીઓ લખી આપી અને આરામ કરવા કહ્યું. તેમણે જણાવ્યું કે વધુ પડતા શ્રમ કે સ્ટ્રેસની લીધે આમ થતું લાગે છે, કારણ કે તાવ, શરદી, કફ, વગેરે કશું જ ન હતું. તેમણે મને 3 દિવસની દવા આપી.

મને યાદ આવ્યું કે ગુરુજીએ કહેલું કે તમારી દવાને પણ રેકિ આપો. મેં તેમ કર્યું પણ ગમેતેમ મને દવા લેવાની ઈચ્છા ન થઈ, મેં તે પાછી મૂકી દીધી અને રેકિ લેવાનું ચાલુ રાખ્યું.

ત્રણ દિવસ પછી પાછી હું ડૉક્ટર પાસે ગઈ, કારણ કે દુઃખાવો વધી ગયો હતો. હવે ડૉક્ટરને શરદીનાં લક્ષણો જણાયાં અને મને કહ્યું કે તમને સાયનસ થયું લાગે છે.

સિરપ, એન્ટિબાયોટિક્સ, અલગ અલગ કલરની ગોળીઓ, એસિડીટી દૂર કરવાની ગોળીઓ વગેરે લખી આપી. આ બધું દિવસમાં બે વાર અઠવાડિયા સુધી લેવાનું કહ્યું અને પછી બતાવવા આવવાનું કહ્યું.

મને ખબર હતી કે આ બધું હું લેવાની ન હતી. તેથી મેં આગળ પૂછ્યું જો દવા લીધા પછી પણ દુઃખાવો નહીં મટે તો? તેમણે જવાબ આપ્યો તો પછી ન્યુરોલોજીસ્ટને કન્સલ્ટ કરવા પડશે અને તેઓ SCAN, MRI વગેરે કરવાનું પણ કહે.

પાછા ફરતી વખતે હું વિચારતી હતી કે કેમ મને રેકિની અસર થતી નથી? હું તો શ્રદ્ધાપૂર્વક રેકિ કરું છું અને મને તેમાં પૂર્ણ વિશ્વાસ છે. માટે રેકિથી જ સાજા થવું છે. શું બની રહ્યું છે તે ન સમજાતા હું જરા હતાશ બની. અચાનક મારી પાડોશમાં રહેતા બહેન મને મળ્યા અને કહ્યું કે હું ફીક્કી લાગું છું. મેં તેમને કહ્યું કે ડૉક્ટરે સાયનસ થયું છે તેમ કહ્યું છે. તેમણે જવાબ આપ્યો કે એમાં ચિંતા કરવાની જરૂરત નથી. માત્ર નીલગીરીનો નાસ (વરાળ) લેવાથી તે મટી જશે.

એક અઠવાડિયું થઈ ગયું. દુઃખાવો મટી ગયો. મેં માત્ર નીલીગીરી તેલનો નાસ લીધો અને રેકિ લીધી. હવે બધું જ બરાબર છે. આ ઈલાજ મેં મારા મિત્રો, સહકાર્યકરો તેમ જ સગા-સંબંધીઓને કહ્યો અને તેનાં સારાં પરિણામો પ્રાપ્ત થયાં છે. તેમાંના કેટલાકે તો રેકિ પણ શીખી લીધી છે.

આ કિસ્સો મેં તમને એટલે લખ્યો છે કે હવે મારા માતા-પિતાએ પણ જોયું કે હું રેકિ દ્વારા સાજી થઈ ગઈ છું. અને મારી દવાઓ હજુ એમ જ પડી છે.

આ બનાવથી તેઓ માનવા લાગ્યા છે કે (રેકિ) હીલિંગ દ્વારા બીમારી દૂર થઈ શકે છે, તેની કોઈ સાઈડ ઈફેક્ટ નથી.

હું જીવનની આ અમુલ્ય ભેટ રેકિ માટે સદાય કૃતજ્ઞ રહીશ.

હિંદુ ધર્મમાં શંખનું મહત્ત્વ

હિન્દુ ધર્મ વિધિઓમાં શંખનો ઉપયોગ કરવામાં આવે છે. આ શંખને કાં તો આરતી વખતે વગાડવામાં આવે છે અથવા તો મંદિરમાં રાખી તેની પૂજા કરવામાં આવે છે. તો આવી વિધિઓ પાછળનું ધાર્મિક મહત્ત્વ શું હશે?

શંખ એ સંસ્કૃત શબ્દ છે જેમાં 'શ' નો અર્થ થાય છે સારું અથવા પવિત્ર અને 'ખ'નો અર્થ છે વાતાવરણ. આમ, શંખનો ધ્વનિ વાતાવરણને શુદ્ધ અને પવિત્ર કરે છે અને પ્રદૂષણ દૂર કરે છે. સામાન્ય રીતે વાતાવરણમાં શુદ્ધતા અને પવિત્રતા વધારવા માટેના બે રસ્તા છે. એક તે પ્રદૂષણ કરનારાં તત્વોને દૂર કરવા અને બીજું વધારેને વધારે પોઝિટિવ તત્વો વાતાવરણમાં ઉત્પન્ન કરવા. જ્યારે શંખ ફૂકવામાં આવે છે ત્યારે તેના ધ્વનિ તરંગોની ફ્રિકવન્સી નીચલા સ્તરની ફ્રિકવન્સી કે જે વિચલિત કરનારી ઊર્જા કહેવાય છે તેનો નિષેધ કરે છે. જેમ પ્રકાશનું કિરણ આવતાં અંધકાર દૂર થાય છે તેમ-

અહીં એ જાણવું પણ જરૂરી છે કે મનની ફ્રિકવન્સી, શંખમાંથી ઉત્પન્ન થતા ધ્વનિ તરંગોની ફ્રિકવન્સીને મળતી આવે છે. આમ, ધ્વનિ જ મનને શાંત અથવા અશાંત બનાવ છે. શંખના ધ્વનિ તરંગોની માનવ મન પર ખૂબ સકારાત્મક અસર થાય છે. તેથી તમામ નકારાત્મક તેમ જ હતાશાજન્ય વિચારો દૂર થાય છે.

શંખ ફૂંકવાનું આ મહત્ત્વ છે. શંખની પૂજા કેમ કરવામાં આવે છે તે જોઈએ. મોટા ભાગના શંખ ડાબી બાજુએ ખૂલે છે અને તેઓ એન્ટીક્લોક વાઈઝ બન્યા હોય છે. જે શંખ જમણી બાજુએ ખૂલે એટલે કે ક્લોકવાઈઝ રીતે બન્યા હોય તેને ઘરમાં રાખવું શુકનવંતુ ગણાય છે. એમ માનવામાં આવે છે દેવી લક્ષ્મીનો આવા શંખમાં સદાય વાસ હોય છે.

પ્રાર્થના કરતી વખતે જે કોઈ શંખ વગાડે છે તેના બધા પાપ દૂર થાય છે અને વિષ્ણુ સાથે સાયુજ્ય થાય છે.

અથર્વવેદ (4/10)માં એમ કહેવામાં આવ્યું છે કે શંખમાં અવકાશ, ગ્રહોની સીસ્ટમ અને સોનાનું સંમિશ્રણ છે. તેનો ધ્વનિ શત્રુઓને ભયભીત કરે છે, ખરાબ તત્વો અને રાક્ષસોને કાબુમાં રાખે છે, અજ્ઞાન, આળસ અને રોગ દૂર કરી દીર્ઘાયુષ બક્ષે છે. વાચકોને સમજાઈ ગયું હશે કે ઉપર બતાવેલી તમામ વિગતો તે મનના જ અલગ અલગ સ્તરો અને અનુભવો છે. ખરાબ આત્મા તે આપણા જ નકારાત્મક વિચારો છે અને રાક્ષસો તે આપણી જ શંકા અને ભય છે. પહેલાં જેમ કહ્યું છે તેમ શંખનો ધ્વનિ સીધી રીતે જ મનના કંપનોને અસર કરી તેને ફરી તેની મૂળ સ્થિતિમાં લાવે છે. શંખને સામાન્ય રીતે સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી ફૂંકવામાં આવે છે, કારણ કે સૂર્યનાં કિરણો શંખ ધ્વનિ તરંગોને અવરોધે છે. શંખ-ધ્વનિ અસરકારક રીતે પ્રદૂષણ દૂર કરે છે. એવું માનવામાં આવે છે કે નોબેલ એવોર્ડ વિજેતા ડૉ. જગદીશચંદ્ર બોઝે તેમના એક પ્રયોગમાં સાબિત કરી બતાવેલું કે શંખના ધ્વનિ તરંગો બેક્ટેરીયાને બીનઅસરકારક બનાવે છે અથવા તો મારી નાખે છે. બર્લીન યુનિર્સિટીનાં સંશોધનોએ પણ સાબિત કર્યું છે કે શંખનો ધ્વનિ-નાદ તે વાતાવરણમાંથી બેક્ટેરીયા દૂર કરવાનો સસ્તો માર્ગ છે. તે કોલેરા, મલેરીયાના જંતુઓ નિયંત્રિત કરે છે અને હીસ્ટેરીયા વાઈ લેપરસી જેવા રોગમાં પણ રાહત આપે છે. તેનો સતત ધ્વનિથી હાર્ટ એટેક થતા નથી અને જે લોકો તોતડા હોય તેમને પણ સાજા કરે છે. જ્યારે નાના શંખોની માળા બાળકોને પહેરાવવામાં આવે છે. તો બાળકો જલદી બોલતા શીખે છે અને સ્પષ્ટ બોલે છે. શંખ ફૂંકવાથી ફેફસાની કાર્યક્ષમતા વધે છે અને લંગ ઈન્ફેક્શન દૂર થાય છે. તે માનસિક તનાવ દૂર કરવામાં, બ્લડ પ્રેશર નિયંત્રિત કરવામાં અને ડાયાબિટિશને કાબુમાં રાખવામાં મદદરૂપ થાય છે, એટલું જ નહીં, પરંતુ શ્વસન તેમ જ પાચનને લગતા રોગો થતા નથી.

એક્યુપંક્ચરનું વિજ્ઞાન



એક્યુપંક્ચર એ સ્વાસ્થ્યની સંભાળ લેનારી પ્રાચીન પદ્ધતિ છે જેનો ચીનમાં ખૂબ ઉપયોગ કરવામાં આવે છે. aપશ્ચિમના દેશોમાં તે ટ્રેડિશનલ ચાઈનિઝ મેડિસિન (ટીસીએમ) તરીકે પણ ઓળખાય છે. જેમાં વિવિધ વનસ્પતિનો તેમ જ અન્ય થેરાપીનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આ નિદાન પદ્ધતિમાં જીભ તેમ જ નાડીના ધબકારાનો પણ સમાવેશ થાય છે.

એલોપેથિક પદ્ધતિ દવા ઉપર આધારિત છે અને એક્યુપંક્ચર રોગને તેના જડમૂળમાંથી નાબુદ કરે છે જેમાં એવું માનવામાં આવે છે કે જ્યારે શરીરની ઊર્જાની સિસ્ટમમાં ગરબડ થાય ત્યારે જ રોગ ઉત્પન્ન થાય છે.

પશ્ચિમ અને પૂર્વની માન્યતા

ઊર્જાના વર્તુળ પર આધારિત પદ્ધતિ જેવી કે એક્યુપંક્ચર, તંદુરસ્તીને લગતી અનેક સમસ્યાઓ જેવી કે શરીરના અંગોમાં પીડામાં અસરકારક રીતે કામ કરે છે. ચીનમાં તો સર્જરી વખતે તે એનેસ્થેશસિયાને બદલે પણ વપરાય છે, એવું બીબીસી ન્યૂઝમાં દેખાડવામાં આવેલું. જેમાં એક યુવતિની ઓપન હાર્ટ સર્જરીમાં એનેસ્થેસિયાને બદલે એક્યુપંક્ચર કરવામાં આવેલું.

ચાઈનિઝ સર્જનોનું કહેવું છે કે સર્જીકલ પ્રક્રિયામાં એક્યુપંક્ચરના ઘણા ફાયદાઓ છે. આવી સર્જરીમાં એનેસ્થેસિયામાં રહેતાં હેલ્થનાં જોખમો રહેતાં નથી, સાજા થવાની પ્રક્રિયા પણ ઝડપી બને છે અને તેનો ખર્ચ એનેસ્થેસિયા કરતાં ત્રીજા ભાગનો થાય છે.

સોય ખોસીને દર્દને દૂર કરવાની વાતનો જોકે, મોટા ભાગના પશ્ચિમના લોકો વિરોધ કરે છે. છતાં લાખો અમેરિકનો લાંબા સમયના દુઃખાવામાંથી રાહત મેળવવા, બ્લડ પ્રેશરમાંથી છૂટકારો મેળવવા તથા ચક્કર ચડવાની બીમારીમાંથી મુક્તિ મેળવવા એક્યુપંક્ચરની સારવાર તરફ વળ્યા છે.

પશ્ચિમમાં એક્યુપંક્ચરને દુનિયાની સહુથી પ્રાચીન પરંપરાગત સારવાર પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે અને તેને વૈકલ્પિક સારવાર પદ્ધતિ તરીકે સ્વીકારાય છે. ચીન, કોરિયા, જાપાન અને એશિયાના અન્ય દેશોમાં આ સારવાર પદ્ધતિ હજારો વર્ષથી પ્રચલિત છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે અને તે અંધશ્રદ્ધા કે યોગાનુયોગ પર આધારિત નથી.

અત્યારે ચીનમાં અમુક હોસ્પિટલોમાં એલોપેથિક તેમ જ એક્યુપંક્ચર બન્નેનો ઉપયોગ કરવામાં આવે છે અને પેશન્ટને આ રીતે સારવારનો વિકલ્પ આપવામાં આવે છે. તેઓ બન્નેના સંયોજનથી પણ સારવાર લઈ શકે છે. દા.ત. કોઈ દવાની આડઅસર થાય તો પેશન્ટ, દવાની માત્રા ઘટાડીને એક્યુપંક્ચરની સારવાર લઈ શકે છે.

એક્યુપંક્ચરનો પાયાનો સિદ્ધાંત

ટીસીએમ શરીરને એક જટીલ તંત્રરચના તરીકે જુએ છે, જેમાં અંદર આવેલા દરેક અંગઉપાંગો એક બીજા સાથે આંતરિક રીતે જોડાયેલા હોઈ દરેક ભાગ એકબીજાને અસર કરે છે. એ લોકો શીખવે છે કે જૈવિક તંત્રમાં અસંતુલન પેદા થવાથી રોગ ઉત્પન્ન થવાનો સંકેત મળે છે. પછી તેનાં લક્ષણો શરીર પર જોવા મળે છે. અને આ તંત્રમાં જો સંતુલન ન થવા પામે તો ટૂંકા કે લાંબા સમયના રોગો થવાની શક્યતા રહે છે.

આપણા શરીરમાં 14 મુખ્ય નાડીઓ છે જેને મેરિડિયન કહેવામાં આવે છે, જેમાંથી ઊર્જા આપણા શરીરમાં પ્રત્યેક અવયવ તેમ જ કોષોમાં વહે છે. અને તે ઊર્જાને 'ચી' કહેવામાં આવે છે. આ 'ચી' આપણા શરીરને જીવિત રાખતું જૈવિક બળ છે. આ ઊર્જાનું સંતુલન અને તેનો સંતુલિત પ્રવાહ શક્તિ-સભર સ્વાસ્થ્યમાં પરિણમે છે.

ટીસીએમ અનુસાર કોઈ પણ બીમારી કે દુઃખાવો તે આ ઊર્જાના પ્રવાહમાં અવરોધ થવાથી થાય છે. આ મેરિડિયનનો દરેક એક્યુપંક્ચરનો પોઈન્ટ એક દરવાજા જેવું કામ કરે છે. અહીં ઊર્જા રોકાઈ જાય છે, અથવા તો તેનો પ્રવાહ ધીમો પડી જાય છે. જેનાથી બીમારી અથવા તો દર્દનો સંકેત મળે છે.

આવા અવરોધ (ઢીમચા) વાળા વિસ્તારમાં સોય ખૂંચાડવાથી ઊર્જાના પ્રવાહનો અવરોધ દૂર થાય છે અને તે ફરીથી વહેવા લાગે છે. આમ, સરળ રીતે ઊર્જાના પ્રવાહના વહેવાથી શરીર ફરીથી ઊર્જાના પ્રવાહનું નિયમન કરે છે, શરીર સાજું પણ થાય છે અને તેનું સ્વાસ્થ્ય ફરીથી સારું થાય છે.

વનસ્પતિઓ અને અન્ય થેરેપીઓ જે શરીરમાં બળતરા ઉત્પન્ન કરે છે તે પણ હીલિંગમાં મદદરૂપ થાય તે માટે વાપરવામાં આવે છે.

એક્યુપંક્ચરનો ઈતિહાસ

પાષાણ યુગથી લઈને એક્યુ-પંક્ચરનું વિજ્ઞાન સદીઓથી વિકસિત થયેલું છે અને તેવા દસ્તાવેજો મળી આવે છે. માનવામાં આવે છે તેમ માત્ર પૂર્વમાં જ નહીં, પરંતુ તેના પુરાવા સમગ્ર વિશ્વમાં અનેક જગ્યાએથી મળી આવ્યા છે.

ચીનના દવાને લગતા સારગ્રંથમાં, 'યેલો એમ્પરર્સ ક્લાસિક ઓફ ઈન્ટરનલ મેડિસિન' ગ્રંથમાં એક્યુપંક્ચરના જૂનામાં જૂના પુરાવા છે. શહેનશાહ હુઆન્ગ ડી કે જેમણે ઈ.સ. પૂર્વે 2696-2598 વચ્ચે રાજ્ય કર્યું. તેમના સમયનો જૂનામાં જૂનો ગ્રંથ માનવામાં આવે છે. તેમ છતાં, પ્રાચીન જગતના દરેક હિસ્સામાં તેનો ઉપયોગ થયાના સંકેતો મળે છે. ઈજીપ્ત, ઈરાન, ભારત, શ્રીલંકા, યુરોપના અમુક ભાગોમાં તેમ જ દક્ષિણ અમેરિકામાં તેની પ્રેક્ટિસના પુરાવા મળી આવ્યા છે. નોર્થ અમેરિકનોએ પણ તેનો ઉપયોગ કર્યો છે.

એસ્કિમો આજે પણ તીક્ષ્ણ પથ્થરનો રોગની સારવારમાં ઉપયોગ કરે છે. એક્યુપંક્ચરનો ઉપયોગ કર્યાના પુરાવા ઈજીપ્ત અને આઉદી અરેબિયામાં પણ ઉપલબ્ધ છે.

1991માં 5000 વર્ષ પહેલાંના એક માણસનું મમી (શબ) ઓસ્ટ્રેલિયા અને ઈટાલીની એક વેલીમાંથી મળી આવેલું. તેના શરીર પર ટેટૂ જોવા મળ્યા હતા, જે ટ્રેડિશનલ એક્યુપંક્ચરના પોઈન્ટને મળતા આવતા હતા.

બાળકને દત્તક લેવાનું મહત્ત્વ

પેરેન્ટીંગ બાબતે જ્યારે વાત થતી હોય છે ત્યારે બાળકને દત્તક લેવા વિષે ગંભીરતાપૂર્વક ચર્ચા થાય છે. કોઈ સ્ત્રી કોઈ કારણસર માતા બનવા સમર્થ ન હોય ત્યારે આ વિષે ઘણા વાદ-વિવાદ ચાલે છે. EPIC પેરેન્ટીંગ પ્રોગ્રામ વિષે વાત કરતાં ગુરુજી કહે છે કે મૂળ પેરેન્ટીંગનો મુદ્દો એ છે કે બાળકને દત્તક લેવું કે ન લેવું. આપણને દરેકને ત્રણ વ્યક્તિત્વ છે જે પેરેન્ટની જિંદગીનો આખો પ્રોગ્રામ લખે છે, તે છે પેરેન્ટ, પુખ્ત વ્યક્તિ અને બાળક. આ શબ્દોનો સાહિત્યિક અર્થ મહત્ત્વનો નથી. આ ત્રણે એક વ્યક્તિની અવસ્થા છે. પ્રત્યેક વ્યક્તિ આ ત્રણે અવસ્થામાં ફરતો રહે છે. આમાંની બાળકની જે અવસ્થા છે તેના પણ બે ભાગ પડે છે. એક તો ખોળે લીધેલું બાળક અને કુદરતી રીતે જન્મેલું બાળક. દત્તક લીધેલું બાળક એ એવી ઘટના છે કે જે બાળકના જીવનની લિપિ પોતે જ લખે છે અને તે બાળપણના શરૂઆતના તબક્કામાં મા-બાપની અસર નીચે વિકાસ પામે છે. આ પ્રભાવ આપણી શરૂઆતની જિંદગીમાં આપણા મા-બાપ દ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે. એમાં મા-બાપ પણ હોઈ શકે, ઘરના વડિલો, શિક્ષકો કે પાડોશીઓ પણ પ્રભાવ પાડી શકે છે. તેઓ જે રીતે વર્તન કરે છે કે બોલે છે તે બાળકના અંતરમાં છપાઈ જાય છે. અને તેને આધારે તેની ભવિષ્યની વર્તણૂક બને છે. કમનસીબે આ બધા વડિલોને બાળક પર થતાં તેમના વર્તનના પ્રભાવની જાણ નથી અને તેઓ આ વાતને ખૂબ જ સહજ રીતે લે છે. આમ, બાળકોના વ્યક્તિત્વના ઘડતરમાં આપણે મહાન ભૂલો કરતાં હોઈએ છીએ, પછી કાં તો આપણે પસ્તાઈએ છીએ અથવા તો આવેલી પરિસ્થિતિ માટે દુનિયાને દોષ દઈએ છીએ. ગુરુજી કહે છે કે જવાબદાર મા-બાપે બાળકના વ્યક્તિત્વના ઘડતર માટે સભાન અને જાગૃત રહેવું જોઈએ. જેથી કરીને ભવિષ્યમાં તેમના જીવનનું ઘડતર સારી રીતે થઈ શકે.

Programmes Schedule for November 2014

Dates	Reiki Teacher	Location/Centre	Degree
1st & 2nd November	Krupa	Nashik	1st
1st & 2nd November	Vishal	Delhi	1st
1st & 2nd November	Seemaben	Rajkot	1st
1st & 2nd November	Kalpita	Devrukh	1st
8th & 9th November	Kalpita	Mumbai	1st
15th & 16th November	Bhartiben	Ahmedabad	1st
15th & 16th November	Ajit Sir/Vishal	Mapusa (Goa)	1st
15th & 16th November	Seemaben	Thane	1st
22nd & 23rd November	Ajit Sir/Rakesh	Airoli/New Mumbai	2nd
22nd & 23rd November	Sangita	Baroda	1st
22nd & 23rd November	Vishal	Pune	2nd

Social Education Programs

Parenting Seminars EPIC

3rd & 4th November
Thane
Ajit Sir/Krupa/Ashwini

8th & 9th November
Rajkot
Ajit Sir/Krupa/Ashwini

27th & 28th December
Baroda
Ajit Sir/Krupa/Ashwini

3rd & 4th January 2015
Kota
Ajit Sir/Krupa/Ashwini

10th & 11th January 2015
Thane
Ajit Sir/Krupa/Ashwini